
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



પોલ એમ. ક્રિશ્ચિયન
જન્મ વર્ષ : ૧૯૩૮

# ઉપવાસની આરાધના કરનાર શ્રદ્ધાળુ ભાવિકો



પારૂલબેન મિહીરભાઈ શાહ (૪૩ વર્ષ)
૧૮ ઉપવાસ



યશ્વી મનીષભાઈ ગાંધી (૧૧ વર્ષ)
૮ ઉપવાસ



વિશ્વ સંજયભાઈ શાહ (૧૩ વર્ષ)
૮ ઉપવાસ



રસીકલાલ સોમચંદ શાહ (૮૩ વર્ષ)
૮ ઉપવાસ

# નવા સચિવાલય ખાતે સરકારી આયુર્વેદ દવાખાનાનો પ્રારંભ કરાયો

સચિવાલયના કર્મયોગીઓ નિરોગી અને દિર્ઘાયુ જીવન જીવી શકે તે માટે નવા સચિવાલયના બ્લોક નં. ૧ ખાતે આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણ વ્યાસના હસ્તે અને રાજય કક્ષાના આરોગ્ય મંત્રી શ્રી પરબતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં નવીન સરકારી આયુર્વેદ દવાખાનાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, આજના યુગમાં આયુર્વેદ ઉપચાર પદ્ધતિ નિરોગી અને દિર્ઘાયુ જીવન માટે ઉત્તમ છે. આધુનિક યુગમાં હવે ફરીથી નાગરિકો આયુર્વેદ ઉપચાર તરફ વળ્યા છે. આ નવીન સરકારી આયુર્વેદ દવાખાનાનો સચિવાલયના કર્મયોગીઓ સંપૂર્ણ લાભ લઈને નિરોગી જીવન જીવે તેવી શુભેચ્છાઓ આપી હતી.

વધુમાં નવીન સરકારી આયુર્વેદ દવાખાનાનો સમય સવારે ૧૦.૩૦ થી ૬.૧૦નો રહેશે તેમજ તમામ પ્રકારના રોગોનો ઉપચાર અહીં કરવામાં આવશે તેમ જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રીમતી ભાવનાબેન પટેલે જણાવ્યું હતું. આરોગ્યના અગ્ર સચિવશ્રી ડૉ. રાજેશ કિશોર, નાયબ નિયામક શ્રી ડૉ. ઉપાધ્યાય તેમજ મોટી સંખ્યામાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘાયલ દર્દીને લાવનાર રાહદારી પર કલોલ સિવિલ હોસ્પિટલનો સ્ટાફ ઉશ્કેરાયો

## બંને પગે પ્લાસ્ટરવાળા અર્ધાબેભાન બિનવારસી દર્દીને સારવારની જરૂર ન હોવાનું કહી ગેરવર્તણુંક

કલોલ, તા. ૨૫

ભગવાનનું બિરૂદ ધારણ કરનાર તબીબોની માનવતા મરી પરવારી હોવાનો વધુ એક કિસ્સો આજે કલોલ સિવિલ હોસ્પિટલમાં બનવા પામ્યો છે. કલોલ એસ.ટી.ડેપો નાકા પાસે એક દુકાન બહાર બે પગે પ્લાસ્ટર લાગેલી હાલતમાં એક ખુણામાં પડેલા દર્દીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સજ્જન વેપારી કલોલ સિવિલ હોસ્પિટલ લઈ ગયા. પરંતુ આ દર્દી જ ન કહેવાય કહીને હડધૂત કરી પટ્ટાવાળા અને ડોકટરે વેપારી સાથે ઉધ્ધતાઈભર્યું વર્તન કર્યું હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. વેપારી સાથે ભારે માથાકુટ બાદ અંતે તબીબોએ અશકત અને ઘાયલ દર્દીને દાખલ કરી સારવાર આપી હતી.

આજે વહેલી સવારે જતીન ભુપેન્દ્રભાઈ નાયક પોતાની દુકાને કલોલ એસ.ટી. ડેપો શિવ મેડીકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ જઈ રહ્યા હતા ત્યારે તેમની દુકાનની સામે એક અજાણ્યો આશરે ૪૫ વર્ષનો પુરુષ એક ખુણામાં પડયો હતો અને બંને પગે ફેકચરના પાટા લગાવેલા હોવાથી તે



પિડાઈ રહ્યો હતો. અર્ધબેભાન અવસ્થામાં રહેલો આ અજાણ્યો દર્દી સારવાર ઝંખી રહ્યો હતો. કોઈ પણ ઓળખ કે સંબંધ વગર વેપારી જતીનભાઈ પોતાની દુકાન પડતી મુકીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દર્દીને કલોલ સિવિલ હોસ્પિટલ લઈ ગયાં. દર્દીને બંને પગે પ્લાસ્ટરના પાટા તથા પેશાબના ભાગે નળી લગાવેલી હતી જેનાથી તરફડી રહેલા દર્દીને હોસ્પિટલ લઈ જઈ સેવા કરવાના બદલામાં વેપારીને અપમાન મળ્યું. હોસ્પિટલમાં હાજર પટાવાળાએ કહી દીધું કે આ કોઈ ધર્મશાળા નથી તો તમે આવા વ્યકિતને અહીં લઈ આવ્યા છો...! આ પેશન્ટને એડમીટ કરવા વેપારી આજીજી કરી તો ડોકટરને બોલાવાયા અને ડોકટરે પણ કહી દીધું કે આ દર્દી છે જ નહીં. આ પ્રકારે તબીબે પણ ગેરવર્તણુંક કરતાં તબીબ પર પણ વેપારી ગીન્નાયા હતા. પરંતુ પોતાની મર્યાદા સમજીને દર્દીને એડમીટ કરાવવાની હઠ પકડી રાખી હતી અંતે જવાબદારીમાંથી છુટવા માંગતા હોસ્પિટલના સ્ટાફે દર્દીને દાખલ કરી ના છુટકે સારવાર આપવાની શરુ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોઈ પણ નાનું બાળક તે દર્દીને જોઈને તેના પગે રહેલા પાટા જોઈને કહી શકે તેમ હતું કે તેને સારવારની જરુર છે તેમ છતાં ફરજ પરના તબીબ કયા કારણોસર સારવાર કરતા ન હતા તે એક તપાસનો વિષય છે. જો કે આ સંદર્ભે ઉચ્ચ સ્તરેથી તપાસ થવી જોઈએ અને યોગ્ય પગલાં ભરાવા જોઈએ તેમ દર્દીને સારવાર માટે લઈ આવનાર વેપારીનું કહેવું હતું.



(તસવીર : વિપુલ ચૌહાણ)

# કલોલ અંબિકાનગરમાં ૧૦ ફુટ ઉંડો ભુવો પડી જતા ખળભળાટ

## નજર સામે જ ઉંડો ખાડો પડી જતાં લોકોમાં ભયની લાગણી

કલોલ, તા. ૨૫

કલોલ શહેરનાં અંબિકાનગર વિસ્તાર પાસે આવેલ અમૃત કોમ્પ્લેક્ષ નજીક ગઈ કાલે અચાનક જ બપોરનાં સુમારે આશરે ૧૦ ફુટ જેટલો ઉંડો ભુવો પડવાથી આજુબાજુનાં રહેણાંક વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી અને વાહન ચાલકો પણ ભયભીત થઈ ગયા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કલોલ શહેરનાં અંબિકાનગર વિસ્તારમાં અમૃત કોમ્પ્લેક્ષમાં આવેલ ભાજીપાઉં સ્ટોલની આગળ જ ગઈકાલે બપોરનાં સુમારે આશરે દશેક ફુટ ઊંડો ભુવો પડી જવા પામ્યો હતો. ભાજીપાઉંની લારીઓનાં કારીગરો બપોરનાં સમયે ટેબલ ખુરશીઓની ગોઠવણી કરવા તૈયારી શરુ કરે તે પહેલા જ અચાનક આ ભુવો પડી જતાં કારીગરો સહીત ત્યાંથી પસાર થતા વાહનચાલકો હેબતાઈ ગયા હતા. રસ્તા પર પડેલા આ ભુવા નીચેથી પસાર થતી રહેણાંક વિસ્તારની ગટરલાઈન તથા ગેસલાઈનની પાઈપો નજીબ જોગે સહી સલામત રહી હતી અને આ ભુવાને લીધે અન્ય કોઈ પણ પ્રકારનું નુકસાન પણ થયું ન હતું.

શહેરમાં ભારે વરસાદ બાદ ભરાઈ જતાં પાણીને લીધે રસ્તાની આજુબાજુની સ્થિતિ નબળી થઈ ગયેલ છે ત્યારે હાઈ-વે નજીકમાં જ અચાનક બનેલ આ ભુવા પડવાની દુર્ઘટના સામે નગરજનોની અસલામતીનો ખૂબ જ મોટો પ્રશ્ન ઉભો થવા પામ્યો છે.

# ગુજરાત હાઉસીંગ બોર્ડના રૂ. ૧૫૧ કરોડના ૧૦૯૨ બહુમાળી આવાસ સંકુલનો શિલાન્યાસ કરતા મુખ્યમંત્રી

## વડોદરામાં વિવેકાનંદ યુવા પરિષદમાં યુવા-મહાસાગર ઉમટ્યો

વડોદરા, તા. ૨૫

વિવેકાનંદજીની ૧૫૦ જન્મજયંતી વર્ષમાં આજે વડોદરામાં વિવેકાનંદ યુવા પરિષદ યોજાઈ હતી. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગના ઉપક્રમે મુખ્યમંત્રીશ્રીની નિશ્રામાં રાજ્યમાં કુલ સાત યુવા પરિષદ યોજવામાં આવી હતી. વડોદરાની આ સાતમી યુવા પરિષદમાં શ્રી નવજોત સિધ્ધુએ પણ યુવાશકિતનો શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અખૂટ વિશ્વાસ હોવાથી ગુજરાતના યુવાનોનું ભવિષ્ય યશોજજ્વલ છે એમ જણાવ્યું હતું.

મુખ્ય મંત્રીશ્રીએ આજે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિના અવસરે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા શહેરોમાં આવાસ નિર્માણના નવતર અભિગમ રૂપે વડોદરામાં માંજલપુરમાં રૂા.૧૫૧ કરોડના ખર્ચે આર્થિક રીતે નબળા-ઓછી આવક જૂથ અને મધ્યમ



વર્ગ-જૂથના મળીને ૧૦૯૨ આવાસોના બહુમાળી સંકુલનો શિલાન્યાસ કર્યો હતો.

વિવેકાનંદ યુવા કેન્દ્રો માટેના રમત સાધનોના કિટ્‌સનું વિતરણ અને આરટી.ઓ.ની સ્માર્ટ આર.સી.બુકનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે થયું હતું.

વીસમી સદીમાં દરિદ્રનારાયણની સેવા માટેની ચિન્તનધારાના પ્રભૂત્વનો ઉલ્લેખ કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શોષિત-પીડિત અને વંચિતોના ઉત્થાન માટે સ્વામી વિવેકાનંદના પગલે ગુજરાત ચાલી રહ્યું છે તેમ જણાવ્યું હતું. વિવેકાનંદે કરેલી ભવિષ્યવાણીઓનો ગહન નિર્દેશ કરતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે તેમણે ૩૯ વર્ષે તેઓ અનંતની યાત્રાએ જશે તેવી કરેલી આગાહી સાચી પડી છે. ૧૮૯૭માં તેમણે દેશના યુવાનોને આહ્‌વાન કરેલું કે ૫૦ વર્ષો સુધી તમારા દેવદેવીને સુવાડીને માત્ર ભારતમાતાની ભકિત કરો. આ પચાસ વર્ષ એવો સંકેત હતો કે ૧૮૯૭થી ૫૦ વર્ષ એટલે ૧૯૪૭માં ભારત આઝાદ બન્યુ, આમ બીજી આગાહી પણ તેમની સાચી પડી. તેમણે ત્રીજી દિવ્ય વાણી કરેલી કે ભારત માતા જગદગુરૂના સ્થાને બિરાજશે પરંતુ આ વિવેકાનંદની દિવ્ય વાણી સિધ્ધ કરવા આજે પણ જે ખૂટે છે તેની પૂર્તિ કરીએ અને દેશની યુવા પેઢી આ દિવ્ય સપનાને સાકાર કરે.

## શબ્દાવલી - ૪૮૫૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | | ■ | ૫ |
| ■ | ૬ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | | | | ■ | ૧૦ | | |
| ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | | |
| | ■ | ૧૪ | ■ | ૧૫ | | ■ | ■ |
| ૧૬ | ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ |
| ■ | ૨૧ | | | ■ | ■ | ■ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

**આડી ચાવી**

૧. ગરીબ (૨)
૩. આશરો (૩)
૬. વંશવારસા વિનાનું (૪)
૮. લડાઈ, યુધ્ધ (૨)
૯. જીવઘાત (૪)
૧૦. માંગ, અપેક્ષિત માંગ (૩)
૧૧. પ્રથા, ચાલ (૨)
૧૨. ગલીપચી (૫)
૧૫. જેનો ભોગ આપવાનો હોય તે (૨)
૧૬. ધૃણા (૪)
૧૯. કબૂલાત, ઠરાવ (૩)
૨૧. ચાંપતી ઉઘરાણી (૩)
૨૨. રાક્ષસ (૩)
૨૩. નવુ તાજુ જન્મેલું (૪)

**ઊભી ચાવી**

૨. કોતરણી વગેરે કલાવાળું (૪)
૩. સંપૂર્ણ રીતે છોડી દેવું તે (૪)
૪. અંત (થવો) (૨)
૫. ઉઘરાણી કરવાવાળા (૪)
૭. સરસ જેવો ઉદ્‌ગાર (૨)
૮. જંગલમાં રહેનારૂં (૩)
૯. વિશાળ (૪)
૧૦. મંગલમય (૪)
૧૩. હોઠ (૨)
૧૪. ડુબેલું, ખુંપેલું (૪)
૧૭. અક્કલનું ઓથમીર, ... દેવાળીયો (૩)
૧૮. ‘તજ’ ઘણા બધા હોય તો પણ... ના કહેવાય (૨)
૨૦. ઉપપત્ની (૩)

**શબ્દાવલી ૪૮૫૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) આદમખોર (૫) ખાઈ (૬) ગડદાપાટુ (૮) ડામર (૧૦) મઢ (૧૨) ઈશ (૧૪) મર્દ (૧૫) કડકાબાલુશ (૧૮) કરામત (૧૯) મરૂન (૨૨) મય (૨૩) ઈલા (૨૪) ઈરાદો

**ઊભી ચાવી :-** (૧) આડોડાઈ (૨) મગર (૩) ખાંડ (૪) રદામ (૫) ખાટુ (૭) પાઠ (૯) મશકરા (૧૧) દર્દ (૧૩) બાકાત (૧૪) મશરૂમ (૧૬) ડમરૂ (૧૭) લુમ (૧૮) કસાઈ (૨૦) નયન (૨૧) મીરા

# જાહેર સૂચના : પર્યાવરણ ઓડીટ યોજના

ગાંધીનગર, તા. ૨૫

નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ ૨૦-૧૨-૯૬, ૧૩-૩-૯૭ તથા ૧૬-૯-૯૯ના હૂકમો અનુસાર એન્વાયરમેન્ટ ઓડીટ યોજનાનો અમલ કરાવવામાં આવે છે. આ માટે દરેક ઔદ્યોગિક એકમ દ્વારા XGN(xtended Green Node - ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની ઓન લાઈન સીસ્ટમ) પર પોતાનો પ્રોફાઈલ અધ્યતન કરી તથા તે અંગેનો શિડ્યુલ-૦૧ કે શિડ્યુલ-૦૨માં લાગુ પડવા અંગેની જાણ તાત્કાલિકપણે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને કરવાની રહેશે. આ પર્યાવરણ ઓડીટ યોજના અંતર્ગત કોમન ફેસેલીટી ધરાવતા- TSDF/CETP/CHWIF/CBWTF એકમોએ તથા શિડ્યુલ-૦૧ કે શિડ્યુલ-૦૨માં આવરી લેવાતા ઔદ્યોગિક એકમોએ પોતાના ઔદ્યોગિક એકમનું Environment Audif કરાવવું ફરજીયાત છે અને Environment Audif Report બોર્ડને ફરજીયાતપણે રજુ કરવાનો રહે છે. આથી કોમન ફેસેલીટી ધરાવતા TSDF/CETP/CHWIF/CBWTF તેમજ શિડ્યુલ-૦૧ કે શિડ્યુલ-૦૨માં સમાવેશ થયેલ ઔદ્યોગિક એકમોને તાકીદ કરવામાં આવે છે કે નામદાર હાઈકોર્ટના આદેશ અનુસાર તથા તેના પાલન અર્થે Environment Audif કરાવી લેવું આવશ્યક છે. પર્યાવરણ ઓડિટ અહેવાલની સાથે ઔદ્યોગિક એકમોએ Environment Management Eystem (EMS) અંગેનું બોર્ડે નિયત કરેલ ફોર્મમાં એડીકવસી (પગલાઓની પર્યાપ્તતા) તેમજ એફીકવસી (સક્ષમતા) પ્રમાણપત્ર અને ઓડીટર્સ દ્વારા કરવામાં આવેલ સુચના/ભલામણનું પાલન કર્યા બાબતનો અહેવાલ પણ બોર્ડની પ્રાદેશિક કચેરી અને વડી કચેરીમાં જમા કરાવવો જરૂરી છે. આમ ઉપરોક્ત બાબતે કાર્યવાહી સમયમર્યાદામાં પુરી ન કરવામાં આવે તો નામદાર હાઈકોર્ટના આદેશ અનુસાર હુકમના પાલન ન થયાની કે હુકમના ઉલ્લંઘન કે અનાદરની જવાબદારી ઉપરોક્ત દર્શાવેલ કોમન ફેસેલીટી ધરાવતા TSDF/CETP/CHWIF/CBWTF તથા જે તે ઔદ્યોગિક એકમની રહે છે. આ માટે વધુ માર્ગદર્શન બોર્ડની વેબસાઈટ www.gpcp.gov.in તથા બોર્ડની દરેક પ્રાદેશિક કચેરીએથી મળી શકશે.

# વીએસમાં કુલ ૧૪૫૦ બેડની મહાકાય હોસ્પિટલ બનાવાશે

અમદાવાદ, તા. ૨૫

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વી.એસ. હોસ્પિટલ સંકુલમાં રૂા. ૩૩૧ કરોડના ખર્ચે નવી મલ્ટીસ્ટોરીડ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવામાં આવશે. આ હોસ્પિટલ કુલ ૧૪૫૦ બેડની ક્ષમતા ધરાવશે અને ૧.૨૦ લાખ ચોરસ મીટરનું બાંધકામ કરવામાં આવશે.

મેયર અસીત વોરાએ આજે જણાવ્યું હતું કે, આ માટેની ગ્રાન્ટ મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવામાં આવી છે.આ નવી હોસ્પિટલમાં ત્રણ ટાવર અન જેની હાઈટ ૭૦ મીટર હશે. જેમાં બે બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફલોર અને ૧૬ માળ મળીને કુલ ૧૯ માળ બનાવવામાં આવશે. આ ઉપરાંત ઈમરજન્સી માટે ટેરેસ પર હેલીપેડ બનાવાશે. નવા બિલ્ડીંગો ગ્રીન સસ્ટેઈનેબલ બિલ્ડીંગ નોર્મ્સ મુજબ બનાવવામાં આવશે.

તેમણે જણાવ્યું કે નવા ટાવરમાં જનરલ ઓપીડી, ઈમરજન્સી, ટ્રોમા, રેડીયોલોજી, હાઈ એન્ડ લો ડાયગ્નોસ્ટીક, સેમ્પલ કલેકશન, બ્લડ બેંક, ૩૬ ઓપરેશન થિયેટર, કાર્ડીયાક કેથલેબ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. કુલ ૧૪૫૦ બેડમાં ૯૦૦ જનરલ બેડ, ૨૨૨ સુપર સ્પેશ્યાલીટી બેડ, ૧૨૮ - આઈસીયુ બેડ અને ૨૦૦ પેઈડ બેડનો સમાવેશ થાય છે. નવા બિલ્ડીંગમાં સોલાર, પેનલ્સ, જીઓ થર્મલ કુલીંગથી અર્થ એર ટનલ, એલઈડી લાઈટ, રેઈન, વોટર હાર્વેસ્ટીંગ, ગ્રીન રુફ ટેકનોલોજી કુલ ૨૮ લીફ્ટ, ૨ બેઝમેન્ટમાં ૬ ફાયર સ્ટોર્સ, ૨ સેન્ટ્રલ સ્ટેર્સ, ૪ અલાયદી સ્ટેર્સની વ્યવસ્થા કરવામાં આવશે. કુલ ૨૨૦૦ કાર પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવશે.

## હિસાબ રાખવા સૂચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાભ મળે છે તેનો ઉલ્લેખ પણ રિપોર્ટમાં કરવાનો રહેશે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે જિલ્લા કક્ષાએ પ્રભારી સચિવના અધ્યક્ષપદે એક સમિતિ બનાવી છે જેમાં જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, નાયબ મ્યુનિસિપલ કમિશનર સભ્ય રહેશે જ્યારે જિલ્લા આયોજન અધિકારી આ સમિતિના સભ્ય સચિવ હશે.

સરકારે એનઆઈસીના સહયોગમાં આ અંગે એક સોફટવેર બનાવ્યું છે જેમાં ડેટા એન્ટ્રીનું કામ જિલ્લા આયોજન અધિકારીએ કરવાનું રહેશે. રાજ્યકક્ષાએ સમીક્ષા કરવા માટે નાણા મંત્રીના અધ્યક્ષસ્થાને એક બીજી સમિતિ બનાવવામાં આવી છે જેમાં નાયબ સચિવ-પ્રોટોકોલ સભ્ય સચિવ ઉપરાંત મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ-કર્મચારી અને અધિક મુખ્ય સચિવ-આયોજન તેના સભ્ય હશે. રાજ્યમાં જે જગ્યાએ આ ત્રણેય દિવસોની ઉજવણી થઈ હોય તેના ૨૦૦૫ થી લઈને ૨૦૧૨ સુધીના તમામ ડેટા માગવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે હવે પછી યોજાનારા રાષ્ટ્રીય પર્વના કાર્યક્રમોને પણ તેમાં આવરી લેવામાં આવશે.

## મતદારોના ફોટા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આમ ૨.૩૪ ટકા મતદારો કલોલ વિધાનસભામાં ફોટો ઓળખકાર્ડ ધરાવતા નથી. ગાંધીનગર જિલ્લામાં કુલ ૯,૭૮,૧૭૫ મતદારો ફોટો ઓળખકાર્ડ ધરાવે છે. જિલ્લામાં કુલ ૯,૯૦,૦૧૭ મતદારો નોંધાયેલા છે. પંચે તૈયાર કરેલ ફોટોવાળી મતદાર યાદીમાં ૯,૭૧,૧૬૯ મતદારોના ફોટા સમાવવામાં આવ્યા છે. મતદારયાદીમાં નોંધાયેલા તમામ મતદારોના ફોટા હોવા જોઈએ તેવો આગ્રહ ચૂંટણી પંચ રાખી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા દરમ્યાન ૩૫ હજાર જેટલા નવા નોંધાયેલા મતદારોના ફોટો ઓળખકાર્ડ તૈયાર થઈ ચુક્યા છે અને તેના વિતરણની કામગીરી પણ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦ ઓકટો. સુધીમાં તમામ નવા નોંધાયેલા મતદારોને તેમના ફોટો ઓળખકાર્ડ આપી દેવામાં આવશે.

## કંપની સમાચાર

### ઈગલ પ્રેસની સ્પેશ્યલ ગિફટ સેટ ડાયરીઝ ૨૦૧૩

ભારતની ટોચની ડાયરી ઉત્પાદન કંપની ઈગલ પ્રેસ દ્વારા વર્ષ ૨૦૧૩ માટે ગિફટ સેટ ડાયરીઓની રજૂઆત કરવામાં આવી છે. ‘ચાન્સેલર’ અને ‘પ્રેસ્ટીજ’ ગિફટ સેટસમાં ઉપલબ્ધ આ ડાયરીઓ ડાર્ક બ્રાઉન, જેટબ્લેક જેન્યુઈન લેધર કવરમાં સુપર વ્હાઈટ પેપર્સમાં ઉપલબ્ધ છે. પ્રત્યેક સેટમાં મોટી અને પાતળી ડાયરીનું કોમ્બો પેક છે. ડાયરીઓનું ઉત્પાદન ચૂસ્ત ધોરણોને જાળવીને કરવામાં આવ્યું છે.

પાતળી ડાયરીની સાઈઝ ૧૬૫ મિનિ - ૯૨ મિમિની છે. પ્રેસ્ટીજ મોટી ડાયરીની સાઈઝ ૨૪૦ મિમિ - ૧૭૮ મિમિ અને ચાન્સલેર મોટી ડાયરીની સાઈઝ ૨૭૨ મિમિ - ૨૧૦ મિમિની છે. પ્રેસ્ટીજ ગિફટ સેટ રૂા. ૫૯૮ અને ચાન્સેલર ગિફટ સેટ રૂા. ૬૩૦માં ઉપલબ્ધ છે.

## પુસ્તકનું લોકાર્પણ.. ● અનુસંધાન બીજાનું ચાલુ

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના શ્રી કૈલાસદીદીએ આર્શીવચન પાઠવતા કહ્યું કે, આજનો પ્રસંગ આનંદ અને ગૌરવનો છે. ઈશ્વરે આપેલું જીવન કેટલું જીવ્યા, તેનું નહી પણ કેવી રીતે જીવ્યા તેનું મહત્વ છે.

સમગ્ર કાર્યક્રમની ભૂમિકા આપતા સંસ્કૃતના પંડિત અને સદવાંચન પ્રવૃત્તિના પ્રેરક પ્રો. રશ્મિકાન્ત મહેતાએ શ્રી શિવશંકરભાઈમાં નિષ્કામ કર્મયોગી અને પ્રત્યક્ષ શારસ્વત બંનેનો શુભગ સમન્વય સધાયો છે તેમ જણાવી ‘‘જીવન સરિતા’’ પુસ્તકનો વિસ્તૃત રસાસ્વાદ કરાવ્યો હતો તથા સારા પુસ્તકો સમયના વિશાળ મહાસાગરમાં ઉભી કરાયેલી દિવાદાંડી સમાન ગણાવી પાટનગરમાં કલમસેવીને નવાજવાની સિમાચિન્હરૂપ ઘટનામાં ઉપસ્થિત સૌને આવકાર આપ્યો હતો. શ્રી શિવશંકરભાઈ દવેએ પ્રતિભાવમાં કહ્યું કે, જીવન પ્રભુકૃપાનું ઝરણું છે. ‘‘વહો એવી નિત્યે મુજ જીવનનું સર્વ ઝરણું, દયાના પુણ્યોના તવ પ્રભુ મહાસાગર ભણી’’ આ પંકિત સાથે તેમણે ૭૫ વર્ષની જીવનયાત્રાના સર્વ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ સંચાલન કવિ ભરતભાઈએ કર્યું હતું.

આ પ્રસંગે જાણિતા ઈતિહાસકાર શ્રી ઈશ્વરભાઈ ઓઝા પેન્શનર સમાજના પ્રમુખ શ્રી એસ. ડી. મલિક, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ શ્રી અરૂણ બુચ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લત્તાબેન ચોકસી, પ્રો. ગજેન્દ્ર શ્રીમાળી, સાહિત્યકારો શ્રી રમણ વાઘેલા, શ્રી ભાનુભાઈ પુરાણી, શ્રી સુરેશ ભટ્ટ તથા પેન્શનર સમાજના સદસ્યો સહિત અનેક અગ્રણીઓ સાહિત્ય સર્જકો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.